For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

અશાંત વિસ્તારોના સુધારાઓનું વિધેયકમાં મંજૂર, હવેથી અશાંત વિસ્તાર સ્પેસિફાઇડ વિસ્તાર ગણાશે

# મિલકત તબદિલી સામે કોઈપણ વાંધો ઉઠાવી શકશે

**નવા** સુધારાથી કલેક્ટરને વિશાળ સત્તાઓ અપાઈ, કલેક્ટર સુઓમોટો કાર્યવાહી પણ કરી શકશે

**મિલકતને** ગીરો મૂકવા માટે અશાંતધારાની મંજૂરી જરૂરી નહીં રહે

ગાંધીનગર : રાજ્યમાં વિવિધ શહેરોમાં લાગુ પાડવામાં આવેલા અશાંતધારામાં આજે વિધાનસભામાં અનેક સુધારાઓ કરવામાં આવ્યા હતા. હવેથી અશાંતધારા લાગુ હોય તેવા વિસ્તારમાં કલેક્ટર વિવાદી મિલકતના રક્ષણ માટે સુઓમોટો કામગીરી કરી શકશે. અશાંતધારાના વિસ્તારમાં રહેતી કોઈપણ નારાજ વ્યક્તિ મિલકતની તબદિલી સામે

...અનુસંધાન પાના 5 પર

## શું શું ફેરફારો અશાંતધારામાં કરાયા ?

- **નામમાં ફેરફાર:** હવેથી અધિનિયમમાં જ્યાં પણ અશાંત વિસ્તાર શબ્દનો ઉલ્લેખ છે, ત્યાં તેના બદલે નિર્દિષ્ટ વિસ્તાર (Specified Area) શબ્દનો પ્રયોગ કરવામાં આવશે.
- **કલેક્ટરની સત્તામાં વધારો:** મિલકતના રક્ષણ માટે કલેક્ટર હવે સુઓ મોટો (પોતાની મેળે) અથવા કોઈપણ નારાજ થયેલી વ્યક્તિની અરજી પર તપાસ કરી શકશે. જો મિલકતનો કબજો લેવામાં કોઈ પક્ષકાર ચૂક કરે, તો કલેક્ટર તે મિલકત કામચલાઉ ધોરણે પોતાના કબજામાં લઈ શકશે.
- **નારાજ વ્યક્તિની વ્યાખ્યા:** નારાજ થયેલી વ્યક્તિમાં હવે માત્ર મિલકતની તબદીલીના પક્ષકાર જ નહીં, પરંતુ તે નિર્દિષ્ટ વિસ્તારમાં રહેતી કોઈપણ વ્યક્તિનો સમાવેશ થશે, જે મિલકત તબદીલી સામે વાંધો ઉઠાવી શકશે.
- **જાહેર વ્યવસ્થા અને તપાસ:** જે વિસ્તારોમાં કોમી તંગદિલીને કારણે જાહેર વ્યવસ્થા ખોરવાય તેવી શક્યતા હોય અથવા જ્યાંથી લોકોનું અનૈચ્છિક સ્થળાંતર થવાની સંભાવના હોય, તેવા વિસ્તારોને રાજ્ય સરકાર નિર્દિષ્ટ વિસ્તાર જાહેર કરી શકશે.
- **નાણાકીય સહાય માટે છૂટછાટ:** નિર્દિષ્ટ વિસ્તારમાં આવેલી મિલકત પર નાણાકીય સંસ્થાઓ (બેંકો અથવા કોર્પોરેશન) પાસેથી લોન કે આર્થિક સહાય મેળવવા માટે તેને ગીરો મૂકવાની પ્રક્રિયાને આ કાયદાના પ્રતિબંધોમાંથી મુક્તિ આપવામાં આવી

...અનુસંધાન પાના 5 પર

## અશાંત વિસ્તારોમાં ભૂમાફિયા મિલકતો પર પદ્ધતિસર કબજો કરે છે: સંગીતા પાટીલ

## 30 વર્ષથી તમારું શાસન છે તો તમે અત્યાર સુધી શું કર્યું: કોંગ્રેસના કિરીટ પટેલ

ગુજરાત વિધાનસભામાં અશાંતધારા (નિર્દિષ્ટ વિસ્તાર) સુધારા વિધેયક-૨૦૨૬ પરની ચર્ચા માત્ર કાયદાકીય સુધારા પૂરતી મર્યાદિત ન રહેતા તીવ્ર રાજકીય જંગમાં ફેરવાઈ ગઈ હતી. મહેસૂલ રાજ્યમંત્રી સંજયસિંહ મહિડા દ્વારા રજૂ કરાયેલા આ વિધેયક પર શાસક પક્ષ અને વિપક્ષ સામસામે આવી ગયા હતા. ભાજપના ધારાસભ્ય સંગીતા પાટીલે પોતાના વિસ્તારની ગંભીર સ્થિતિ વર્ણવતા જણાવ્યું હતું કે, ૫૦૦ હિન્દુ ઘરો વચ્ચે એક મુસ્લિમ ઘર સંપૂર્ણપણે સુરક્ષિત છે, પરંતુ ૫૦૦ મુસ્લિમ ઘરો વચ્ચે એક હિન્દુ ઘર સુરક્ષિત નથી. તેમણે આક્ષેપ કર્યો હતો કે લઘુમતી વસતી ધરાવતા વિસ્તારોમાં હિન્દુઓને શારીરિક અને માનસિક ત્રાસ આપીને સ્થળાંતર કરવા મજબૂર કરવામાં આવે છે. આવા તત્ત્વો સામે કડક કાર્યવાહી કરવા માટે કલેક્ટરને વધુ સત્તા આપવી જરૂરી છે. અશાંત વિસ્તારોમાં ભૂમાફિયાઓ દ્વારા મિલકતો પર પદ્ધતિસરના ગેરકાયદે કબ્જા કરવામાં આવે છે. જેમાં પહેલા પ્લોટ પર ઝૂંપડું બાંધીને દબાણ થાય છે અને ધીમે-ધીમે પાકું મકાન બનાવી કબજો જમાવી લેવામાં આવે છે. શાસક પક્ષના આ આક્ષેપો સામે વળતો પ્રહાર કરતા કોંગ્રેસના ધારાસભ્ય કિરીટ પટેલે સરકારની નિષ્ફળતા પર

...અનુસંધાન પાના 5 પર

દોઢ માસમાં બીજી વખત લાગેલી

# ખજોદની આગ 36 કલાક બાદ પણ બેકાબૂ

**ફાયરની** 15થી વધુ ગાડીઓ, 50થી વધુ લાશ્કરોના પ્રયાસ નિષ્ફળ

**કચરાના** નિકાલ માટે મોટા કાવતરાની શંકા

સુરત : શહેરના ખજોદ સ્થિત ડમ્પિંગ સાઇટમાં મંગળવારે બપોરે લાગેલી આગ 36 કલાક બાદ પણ કાબૂમાં આવી નથી, જેના કારણે ફાયર વિભાગ માટે પરિસ્થિતિ ચિંતાજનક બની છે. ભારે પ્રયત્નો છતાં આગની જ્વાળાઓ અને ધુમાડાના ગોટેગોટા દૂર સુધી ફેલાતા જોવા મળી રહ્યા છે. લાખો લિટર પાણીનો છંટકાવ તેમજ માટી નાખવા છતાં આગ પર નિયંત્રણ મેળવવામાં નિષ્ફળતા મળતા પરિસ્થિતિ વધુ ગંભીર બની છે.

આગના બનાવને લઈને શહેરમાં અનેક ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. ખાસ કરીને કચરા કૌભાંડ બાદ જવાબદારોને બચાવવા માટે જ

...અનુસંધાન પાના 5 પર

## મનપાએ જીપીસીબીની ગાઇડલાઇનનો ઉલાળિયો કર્યો

આ ઘટનાને પગલે જીપીસીબીએ ગંભીરતા દાખવી સુરત મહાનગરપાલિકાને તાત્કાલિક સુધારાત્મક પગલાં લેવા સૂચના આપી છે.જીપીસીબીના અધિકારીઓ દ્વારા સાઇટ વિઝીટ કરી ગાઈડલાઈન મુજબ વ્યવસ્થા ગોઠવવા આદેશ કર્યો છે. અગાઉ પણ આગની ઘટના બાદ કચરાને નાના 'પોકેટ'માં વહેંચવા અને માટીનું લેયરિંગ કરવાની સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી હતી. છતાં મનપા દ્વારા આ વૈજ્ઞાનિક પદ્ધતિ અમલમાં મૂકી ન હોવાથી ફરી આગ લાગવાની ઘટના સામે આવી છે. તંત્રની ઢીલી નીતિ અને બેદરકારીના કારણે હજારો નાગરિકોના સ્વાસ્થ્ય પર અસર પડી રહી છે.

...અનુસંધાન પાના 5 પર

## શું કહે છે GPCBના નિયમો?

- દરરોજ કચરા પર ઓછામાં ઓછું 10 સેમી માટીનું લેયરિંગ ફરજિયાત
- કચરાનું સેગ્રીગેશન - ભીનો અને જ્વલનશીલ કચરો અલગ રાખવો
- મિથેનગેસ અને લીચેટ માટે અલગ નિકાલ વ્યવસ્થા
- સાઈટ આસપાસ 500 મીટર બફર ઝોન અને ગ્રીન બેલ્ટ
- નિયમિત પાણીનો છંટકાવ અને ફાયર પ્રોટેક્શન સિસ્ટમ જરૂરી

## ડ્રોનથી આગનું મૂલ્યાંકન થશે

ડેપ્યુટી કમિશનર દિનેશ રમેશ ગુરવે જણાવ્યું કે, આગ લાગ્યાના સમયે અને ત્યારબાદ ડ્રોન દ્વારા 'બિફોર-આફ્ટર' શોટ લેવામાં આવી રહ્યા છે. કેટલો કચરો બળી ગયો છે તેની ચોક્કસ માહિતી મેળવવા સર્વે હાથ ધરાશે. રિપોર્ટના આધારે જ એજન્સીને પ્રોસેસિંગ ચાર્જ ચૂકવવા અંગે નિર્ણય લેવાશે.

## આજે ચૈત્રી નવરાત્રિની આઠમ



ચૈત્રી નવરાત્રિની આજે આઠમ હોવાથી જુદા જુદા મંદિરોમાં ભક્તોની ભારે ભીડ ઉમટશે. અંબિકાનિકેતન પાર્લે પોંઇન્ટ ખાતે સાતમે પણ ભક્તોની ભીડ જોવા મળી હતી. (તસવીર : સતીષ જાદવ)

કામરેજના ધોરણ પારડી ખાતે સત્યમ યોગધામ ધરાવતો

# ઠગગુરુ પ્રદીપ મહિલાઓને રાત્રે મળવા બોલાવતો

**મોબાઈલ** અને આશ્રમના કેમેરા ચેક કરવામાં આવે તો ઘણું બહાર આવે તેમ છે: પૂર્વ સાધક



કામરેજ: ધોરણ પારડી ખાતે આવેલા સત્યમ યોગધામનો કહેવાતો યોગગુરૂ ઠગગુરૂ હતો અને ઐયાશી કરવામાં માનતો હોવાના આક્ષેપો પૂર્વ સાધક દ્વારા કરવામાં આવ્યા છે.

કામરેજ તાલુકાના ધોરણ પારડી ગામે તાપી નદીના કિનારે આવેલા સત્યમ યોગધામના યોગગુરુ પ્રદીપ જોટંગીયા, એક મહિલા સહિત કુલ સાત લોકો અમદાવાદના અમરાઈવાડી વિસ્તારમાં કારમાં ડુપ્લિકેટ ચલણી 2.10 કરોડની નોટ સાથે પકડાઈ જવાની ઘટનામાં એક પછી એક યોગગુરુની પાપલીલા બહાર આવી રહી છે. જેમાં એક પૂર્વ સાધકે જણાવ્યું હતું કે, તેઓ વર્ષ-2015 સંસ્થામાં જોડાયા હતા. જેમ જેમ પ્રદીપ જોટંગીયાની નજીક સાધક જતો ગયો તેમ તેમ ખબર પડી કે તે મહિલાઓની સાથે ઐયાશી કરવાવાળો છે. અલગ અલગ મહિલાઓ સાથે રાત્રે 12થી સવારે 5 સુધી ફોનમાં ચેટિંગથી વાતો કરતો હતો. અમુક મહિલાઓ સાથે વાત કરીને મળવા રાત્રિના બોલાવતો હતો. રાત્રિના આશ્રમમાં મહિલાઓ રોકાણ પણ કરતી હતી. આવાં ઘણાં રહસ્યો છે પરંતુ લોકો બદનામીના ડરે ખૂલીને બહાર આવવા તૈયાર નથી થતા અને મોબાઈલ અને આશ્રમના કેમેરા ચેક કરવામાં આવે તો ઘણું

...અનુસંધાન પાના 5 પર

## ખજોદ આગ કાંડમાં તપાસ માટે મુખ્યમંત્રી સહિત ઉચ્ચ સ્તરે રજૂઆત

સુરત: ખજોદ ડમ્પિંગ સાઈટ પર વારંવાર લાગતી ભીષણ આગને પગલે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શન નાયકે રાજ્યના મુખ્યમંત્રી, મુખ્ય સચિવ અને જીપીસીબીના ચેરમેન સહિત 14 જેટલા ઉચ્ચ સત્તાધીશોને પત્ર લખીને ગંભીર આક્ષેપો કર્યા છે. રજૂઆતમાં જણાવ્યું છે કે, અગાઉ લાગેલી આગ બાદ જીપીસીબીની સૂચનાઓનું પાલન કરવામાં મનપા અને કોન્ટ્રાક્ટર નિષ્ફળ રહ્યા છે. કચરાના ગેરકાયદે નિકાલના પુરાવા મિટાવવા અને પ્રોસેસિંગના કરોડો રૂપિયાના બિલો પાસ કરાવવાના બદઈરાદે આ આગ લગાડવામાં આવી હોવાની આશંકા વ્યક્ત કરી, સમગ્ર મામલે એસીબી (ACB) અને પોલીસ તપાસની માંગ કરવામાં આવી છે. પત્રમાં વધુમાં જણાવાયું છે કે, સી.ડી. ટ્રાન્સપોર્ટ એજન્સી જેવા બેદરકાર કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરવાને બદલે તંત્ર દ્વારા છાવરવામાં આવી રહ્યો છે, જેના કારણે

...અનુસંધાન પાના 5 પર

## દુર્ગંધથી દિપલી, બુડિયા, અને ડુંડીના લોકો પરેશાન

સુરત: ખજોદ સ્થિત ડિસ્પોઝેબલ પ્લાન્ટમાં ડમ્પ કરાતા કચરામાં આગ લાગ્યાને હાલ 24 કલાકથી વધુનો સમય વીતી ગયો છે, છતાં આગ હજુ પણ કાબૂમાં આવી નથી. એવામાં ખજોદની આજુબાજુમાં આવેલા દિપલી, બુડિયા જીયાવ, ડુંડી જેવા ગામોમાં સૌથી વધારે ઈફેક્ટ પહોંચી છે. સાઈટ ઉપર લગાતાર ભભૂકી રહેલી આગને કારણે ઊઠી રહેલાં દુર્ગંધ મારતા ધુમાડાને કારણે સ્થાનિક રહીશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા

...અનુસંધાન પાના 5 પર

### સતત ધુમાડાના કારણે આરોગ્ય સાથે ચેડાં : નીરવ પટેલ (બુડિયા ગામ રહેવાસી)

બુડિયા ગામનાં નિરવ પટેલે જણાવ્યું હતું કે, આગ લાગવાને ધૂમાડાને કારણે એર ઈન્ડશન કોલેટીમાં ફરક આવી રહ્યો છે. સતત ધુમાડાને કારણે ગામમાં રહેતા પરિવારોનાં આરોગ્ય સાથે ચેડા થઈ રહ્યાં છે. ખાસ કરીને નજીકના ગામો દિપલી, બુડિયા, ડુંડી અને જીયાવ ગામોમાં ખૂબ ઈફેક્ટ થઈ છે.

### કચરાની સમસ્યાનો કાયમી નિકાલ જરૂરી છે: કપીલ ખલાસી

બુડિયા ગામ માછીવાડ ફળિયામાં રહેતા કપીલ ખલાસીએ જણાવ્યું હતું કે, ડમ્પિંગ સાઈટ ઉપર કચરો સળગવાની ઘટના વારંવાર બનતી રહે છે. કચરાનો નિકાલ થવો અત્યંત જરૂરી બની ગયું છે. હાલ 24 કલાક વીતી ગયાં હોવા છતાં

...અનુસંધાન પાના 5 પર

### પરિવર્તન પેનલ સતત લડાઈ ચલાવશે: ભરત પટેલ

દિપલી ગામ ડિસ્પોઝેબલ પ્લાન્ટની સૌથી નજીક આવેલું ગામ છે. પવનની દિશા ફેરવાવાની સાથે ધુમાડો પણ સતત ગામમાં આવે છે. જીયાવ, બુડિયા, દિપલી ગામની પર્યાવરણ બચાવતી સંસ્થા પરિવર્તન પેનલે આગ લાગવાની ઘટનાને લઈને અનેક વખત લડાઈ ચલાવી છે. જો કે આગ લાગી કે લગાવવામાં આવી છે તે પણ સવાલ છે, તેવું પરિવર્તન ટ્રસ્ટનાં ઉપપ્રમુખ ભરત પટેલે જણાવ્યું હતું અને આગળ પણ અમે આ માટે સતત લડત ચલાવીશું.

સુરતમાં પેટ્રોલ પંપ પર ભીડ ઓસરી

# 2 દિવસમાં 88.15 લાખ લિટર પેટ્રોલ-ડીઝલ વેચાયું

**સોમવારે** 17.07 લાખ લિટરની સામે મંગળવારે 10.36 લાખ લિટર પેટ્રોલ વેચાયું

સુરત: ઈરાન-ઈઝરાયલ યુદ્ધની વચ્ચે દેશભરમાં ઈંધણની અછત સર્જાશે તેવી અફવાઓના કારણે સુરત શહેરમાં છેલ્લા બે દિવસથી વાહનચાલકો પેટ્રોલ પંપ પર ઉમટી પડ્યા હતા. ખાસ કરીને સોમવારે અનેક પંપ પર લાંબી લાઈનો જોવા મળી હતી. જોકે, મંગળવારે આ ઉત્સાહમાં ઘટાડો નોંધાયો અને વેચાણ પણ ઘટ્યું હતું.

સોમવારે (23મી તારીખે) સુરત જિલ્લામાં પેટ્રોલ અને ડિઝલના વેચાણમાં ભારે વધારો નોંધાયો હતો. આ દિવસે પેટ્રોલનો પ્રારંભિક સ્ટોક 1.12 કરોડ લિટર હતો, જેમાંથી 17.07 લાખ લિટર પેટ્રોલનું વેચાણ થયું હતું. તે જ રીતે ડિઝલનો સ્ટોક 1.74 કરોડ લિટર હતો અને તેમાંમાંથી 39.13 લાખ લિટર ડિઝલનું વેચાણ થયું હતું. દિવસના અંતે પેટ્રોલનો સ્ટોક 95.78 લાખ લિટર અને ડિઝલનો સ્ટોક 1.35 કરોડ લિટર રહ્યો હતો. વાહનચાલકોમાં અફવાઓને કારણે ઈંધણ સંગ્રહ કરવાની દોડ લાગી હતી, જેના કારણે પંપ પર ભારે ભીડ સર્જાઈ હતી. મંગળવારે (24મી તારીખે) સ્થિતિ સામાન્ય બનતી જોવા મળી

...અનુસંધાન પાના 5 પર

### બે દિવસના વેચાણ અને સ્ટોકની વિગતો

| તારીખ | ઈંધણ | પ્રારંભિક સ્ટોક | વપરાશ | અંતિમ સ્ટોક |
|---|---|---|---|---|
| 23મી | પેટ્રોલ | 1.12 કરોડ | 17.07 લાખ | 95.78 લાખ |
| 23મી | ડિઝલ | 1.74 કરોડ | 39.13 લાખ | 1.35 કરોડ |
| 24મી | પેટ્રોલ | 95.78 લાખ | 10.36 લાખ | 85.42 લાખ |
| 24મી | ડિઝલ | 1.35 કરોડ | 21.59 લાખ | 1.14 કરોડ |

મુસાફરોના ભોજનને લઈ રેલવે તંત્રની મોટી કાર્યવાહી

# વંદે ભારતમાં હલકું ભોજન પીરસાતા કેટરરને 50 લાખ દંડ

**તાત્કાલિક** કરાર રદ, IRCTCને 10 લાખ દંડ ઝીંકાયો

સુરત: ભારતીય રેલવેમાં મુસાફરી કરતાં લાખો પ્રવાસીઓની સુરક્ષા અને ખાનપાનની સુવિધાને લઈને રેલવે મંત્રાલયે એક મોટો અને કડક નિર્ણય લીધો છે. દેશની સૌથી પ્રતિષ્ઠિત ગણાતી 'વંદે ભારત એક્સપ્રેસ' ટ્રેનમાં ભોજનની હલકી ગુણવત્તા પીરસવા બદલ રેલવેએ મોટી કાર્યવાહી કરી છે. રેલવે તંત્ર દ્વારા માત્ર ખાનગી કેટરિંગ કંપની જ નહીં, પરંતુ પોતાની જ પેટા કંપની ઈન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન (IRCTC) પર પણ લાખો રૂપિયાનો દંડ ફટકારવામાં આવતા કેટરિંગ માફિયાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

મળતી વિગતો અનુસાર, ગત ૧૫ માર્ચ, ૨૦૨૬ના રોજ ટ્રેન નંબર ૨ ૧૮૯૬ (પટના- ટાટાનગર વંદે ભારત એક્સપ્રેસ) માં મુસાફરી કરી રહેલા પ્રવાસીઓએ ભોજનની ગુણવત્તા બાબતે ઉગ્ર ફરિયાદો કરી હતી. મુસાફરોએ આરોપ લગાવ્યો હતો કે પીરસવામાં આવેલું ભોજન સ્વાસ્થ્ય માટે હાનિકારક અને અત્યંત નિમ્ન સ્તરનું હતું. આ બાબતને ગંભીરતાથી લેતા રેલવે બોર્ડ દ્વારા ત્વરિત તપાસના આદેશ આપવામાં આવ્યા હતા. તપાસમાં ફરિયાદ સાચી જણાતા, મુસાફરોની સુરક્ષા સાથે બાંધછોડ કરનાર સેવા પ્રદાતા (કેટરિંગ કંપની) પર ૫૦ લાખનો જંગી દંડ ફટકારવામાં આવ્યો છે અને તેની સાથેનો કરાર તાત્કાલિક અસરથી રદ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આટલું જ નહીં, આ સમગ્ર મામલે દેખરેખ રાખવામાં નિષ્ફળ રહેલી IRCTC પર પણ રેલવેએ ૧૦ લાખનો દંડ લાદ્યો છે. ભારતીય રેલવેના પ્રવક્તાએ આ અંગે નિવેદન આપતા જણાવ્યું હતું કે, મુસાફરોની સુરક્ષા અને ખોરાકની શુદ્ધતા અમારી ટોચની પ્રાથમિકતા છે. ધોરણોનું ઉલ્લંઘન કરનાર કોઈપણ એજન્સી સામે આવી જ કડક કાર્યવાહી કરવામાં આવશે. નોંધનીય છે કે, ભારતીય રેલવે IRCTCના માધ્યમથી દરરોજ ૧૫ લાખ થી વધુ મુસાફરોને ઓનબોર્ડ ભોજન પૂરું પાડે છે, જે વિશ્વના સૌથી મોટા ફૂડ ઓપરેશન્સમાંનું એક ગણાય છે. આટલા વિશાળ નેટવર્કમાં ગુણવત્તા જળવાઈ રહે તે માટે રેલવે હવે ટેકનોલોજી અને સરપ્રાઈઝ ચેકિંગનો સહારો લઈ રહી છે. રેલવેના આ આકરા વલણથી સ્પષ્ટ સંકેત મળે છે કે પ્રીમિયમ ટ્રેનોમાં મુસાફરી કરતાં પ્રવાસીઓને મળતી સુવિધાઓમાં હવે કોઈ પણ પ્રકારની લાપરવાહી સહન કરવામાં આવશે નહીં. આ કાર્યવાહી બાદ હવે અન્ય ટ્રેનોના કેટરિંગ કોન્ટ્રાક્ટરોમાં પણ કડક સંદેશ પહોંચ્યો છે. મુસાફરોએ રેલવેના આ નિર્ણયને આવકાર્યો છે અને આશા વ્યક્ત કરી છે કે આગામી સમયમાં ભોજનની ગુણવત્તામાં કાયમી સુધારો જોવા મળશે.

ખજોદ વેસ્ટ સાઇટ પર ફરી વિકરાળ આગ

# લાખો ટન કચરાના ઝેરી ધુમાડાથી શ્વાસની તકલીફ

**હવા** પ્રદૂષણથી સુરતવાસીઓમાં ચિંતા, જવાબદારો સામે કડક કાર્યવાહીની માંગ

**કોંગ્રેસ** મહામંત્રી દર્શન નાયકની રાજ્ય સરકારથી લઈ સ્થાનિક તંત્ર સુધી રજૂઆત

સુરતઃ સુરત મહાનગર પાલિકાની ખજોદ સોલીડ વેસ્ટ સાઇટ પર ફરી એકવાર ભીષણ આગ લાગતા કોંગ્રેસના મહામંત્રી દર્શન નાયકે સમગ્ર મામલે રાજ્ય સરકારથી લઈ સ્થાનિક તંત્ર સુધી રજૂઆત કરી કાર્યવાહી કરવા માંગ કરી છે.

અગાઉ તા. ૨ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ લાગેલી આગને ઓલવવામાં છ દિવસ જેટલો સમય લાગ્યો હતો, ત્યારે ગત રોજ ફરીથી

...અનુસંધાન પાના 5 પર

### જવાબદારો સામે કડક કાયદાકીય પગલાંની માંગ

- GPCB દ્વારા સ્થળ પર હવાના નમૂનાઓ લઈ દંડાત્મક કાર્યવાહી કરવી
- સોલીડ વેસ્ટ રૂલ્સ અને એર એક્ટ હેઠળ પાલિકા સામે પગલાં ભરવા
- જવાબદાર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર સામે એન્વાયરમેન્ટ પ્રોટેક્શન એક્ટ , 1986 હેઠળ કાર્યવાહી
- સંડોવાયેલા કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરી બાકી ચૂકવણી રોકવી
- વિજિલન્સ અને ACB દ્વારા ભ્રષ્ટાચારની તપાસ કરવી

### સીડી ટ્રાન્સપોર્ટ એજન્સી અને પાલિકાના અધિકારીઓની મિલીભગત

કોંગ્રેસના મહામંત્રી દર્શન નાયકે આ સમગ્ર ઘટનાને શંકાસ્પદ ગણાવી કોન્ટ્રાક્ટર "સીડી ટ્રાન્સપોર્ટ એજન્સી"અને સુરત મહાનગર પાલિકાના અધિકારીઓ વચ્ચે મિલીભગત હોવાનો ગંભીર આક્ષેપ કર્યો છે. તેમણે

...અનુસંધાન પાના 5 પર

# સી-ફેસ 9 વાગ્યા સુધી ખુલ્લો રાખવા વિચારણા

**ડુમસ સી**-ફેસ' લિટર ફ્રી ઝોન' જાહેર

**વ્યવસ્થા** જાળવવા ટિકિટ રાખવા અથવા પીપીપી મોડેલથી સંચાલન સોંપવા કવાયત

સુરતઃ શહેરમાં નવા પ્રવાસન આકર્ષણ તરીકે ઉભરાયેલા ડુમસ સી-ફેસ પર લોકાર્પણ બાદથી જ ખાસ કરીને શનિવાર-રવિવારે ભારે ભીડ ઉમટી રહી છે. દર વીકેન્ડમાં 10થી 15 હજાર જેટલા મુલાકાતીઓ આવતા હોવાથી અહીં ગંદકી, ટ્રાફિક અને પાર્કિંગ જેવી સમસ્યાઓ ઊભી થવા લાગી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સુરત મહાનગરપાલિકાએ ડુમસ સી-ફેસને સંપૂર્ણપણે 'લિટર ફ્રી ઝોન' જાહેર કરવાનો મહત્ત્વનો નિર્ણય લીધો છે.

મનપાએ સ્વચ્છતા જાળવવા માટે આધુનિક સુવિધાઓ ઊભી કરી છે, જેમાં દર 20-30 મીટરે કલર-કોડેડ ડસ્ટબિન તેમજ 20થી 25 મુવેબલ ડસ્ટબિન મુકાયા છે. સાથે જ 25થી 30 માર્શલો સતત પેટ્રોલિંગ કરશે અને સીસીટીવી કેમેરા મારફતે અઠવા ઝોન અને ICCCથી નજર રાખવામાં આવશે. નિયમ ભંગ કરનારાઓ સામે સ્થળ પર જ દંડ વસૂલવામાં આવશે. વધતી ભીડને કારણે મનપા અને પોલીસ તંત્ર માટે ટ્રાફિક અને પાર્કિંગ વ્યવસ્થા જાળવવી પડકારરૂપ બની રહી છે. આસપાસના ગામોના રસ્તાઓ પર ટ્રાફિક જામ ન સર્જાય તે માટે વૈકલ્પિક માર્ગોની યોજના પણ બનાવાઈ રહી છે. આ ઉપરાંત, પ્રોજેક્ટનું સંચાલન સુચારૂ રીતે થાય તે માટે મનપા દ્વારા પીપીપી મોડેલ હેઠળ ખાનગી એજન્સીને સંચાલન સોંપવાનો વિકલ્પ પણ વિચારણા હેઠળ છે. મુલાકાતીઓની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને ભવિષ્યમાં વિઝિટ ફી અથવા ટિકિટ ચાર્જ વસૂલવાની શક્યતા પણ વ્યક્ત

...અનુસંધાન પાના 5 પર

### ડુમસ સી-ફેસ 'લિટર ફ્રી ઝોન' માટેના નિયમો અને વ્યવસ્થા

- વિસ્તાર કચરા મુક્ત ઝોન જાહેર
- દર 20-30 મીટરે કલર-કોડેડ ડસ્ટબિન
- 20-25 મૂવેબલ ડસ્ટબિનની વધારાની સુવિધા
- 25-30 માર્શલ દ્વારા સતત પેટ્રોલિંગ
- સીસીટીવી મારફતે ICCC અને અઠવા ઝોનથી દેખરેખ
- કચરો ફેંકનારાઓ સામે ઓન-ધ-સ્પોટ દંડ
- એન્ટ્રી પોઈન્ટ પર પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત
- સ્ટોલધારકો માટે ડસ્ટબિન ફરજિયાત, ભંગ તો લાઇસન્સ રદ
- LED સ્ક્રીન અને સાઉન્ડ સિસ્ટમથી જનજાગૃતિ
- "I Support Litter-Free Dumas" સેલ્ફી પોઈન્ટ્સ
- NGO અને વિદ્યાર્થીઓ સાથે સફાઈ ઝુંબેશ


॥ દુઃખદ અવસાન - બેસણું ॥



દિલગીરી સહ જણાવવાનું કે અમારા માતૃશ્રી/કાકીશ્રી પાર્વતીબેન જશમતભાઈ પટેલનું દુઃખદ અવસાન તા.૨૪.૦૩.૨૦૨૬ના મંગળવારના રોજ થયેલ છે.

સદ્ગતનું બેસણું તા.૨૭.૦૩.૨૦૨૬ને શુક્રવારના રોજ સવારે ૧૦ થી ૧૨ કલાક દરમ્યાન અમારા નિવાસ સ્થાન પટેલ ફળીયુ, અલથાણ ગામ, સુરત મુકામે રાખેલ છે. નોંધ : ફુલ હાર લાવવા નહી- પોત પડીકા પ્રથા બંધ છે.

સ્વ.પાર્વતીબેન જશમતભાઈ પટેલ
જન્મ તા.૧૯.૦૫.૧૯૨૯
સ્વ.તા.૨૪.૦૩.૨૦૨૬

લિ.
પ્રકાશભાઈ જશમતભાઈ પટેલ
પ્રવિણભાઈ જશમતભાઈ પટેલ
સાહિલ પ્રવિણભાઈ પટેલ
સ્વ.ઈશ્વરભાઈ મકનભાઈ પટેલ | રમણભાઈ મકનભાઈ પટેલ
મહેન્દ્રભાઈ ઈશ્વરભાઈ પટેલ | રાકેશભાઈ રમણભાઈ પટેલ
સ્વ.નરેશભાઈ ઈશ્વરભાઈ પટેલ | વિજયભાઈ રમણભાઈ પટેલ
જેનીશભાઈ મહેન્દ્રભાઈ પટેલ | (શિવ,મેરીન)

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર

જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા , સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેકસ : ૨૫૯૯૯૯૦

સુરતી ક્ષત્રિય (ખત્રી) દુઃખદ અવસાન- બેસણું



દિલગીરી સહ જણાવવાનું કે મારા ધર્મપત્ની / અમારા માતૃશ્રી ધનગૌરીબેન ચંપકલાલ જરીવાલાનું તા. ૨૫-૦૩-૨૦૨૬ ને બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

પ્રભુ સદ્ગતની દિવ્ય આત્માને શાશ્વત શાંતિ આપે એવી સમસ્ત પરિવારની પ્રાર્થના....

સદ્ગતનું બેસણું

તા. ૨૬-૦૩-૨૦૨૬ ગુરૂવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે નિર્ધારીત સ્થળે રાખેલ છે.

બેસણાનું સ્થળ

ઘમણવાલા એ.સી હોલ, સીંગાપુરીની વાડી , રૂસ્તમપુરા, સુરત.

અ.સૌ. સ્વ. ધનગૌરીબેન ચંપકલાલ જરીવાલા
જન્મ. તા. ૦૨-૧૧-૧૯૪૩
સ્વ. તા. ૨૫-૦૩-૨૦૨૬
તિથિ. ચૈત્ર સુદ સાતમ

લિ.શોકાતુર
ચંપકલાલ ઠાકોરદાસ જરીવાલા (પતિ)
દિનેશચંદ્ર ઠાકોરદાસ જરીવાલા (દિયર) | ભારતીબેન દિનેશચંદ્ર જરીવાલા(દેરાણી)
વિજયકુમાર ચંપકલાલ જરીવાલા (પુત્ર) | નિમિષા વિજયકુમાર જરીવાલા (પુત્રવધુ)
સ્વ. યોગેશકુમાર જશવંતલાલ રેશમવાલા(જમાઈ) | વર્ષાબેન યોગેશકુમાર રેશમવાલા (પુત્રી)
મિતુલ વિજયકુમાર જરીવાલા (પૌત્ર) | કરિશ્મા મિતુલકુમાર જરીવાલા (પૌત્રવધુ)
રાઘવ વિજયકુમાર જરીવાલા (પૌત્ર) | જાનકી રાઘવકુમાર જરીવાલા (પૌત્રવધુ)
સાગરકુમાર જીતેશભાઈ માવાપુરી(જમાઈ) | દર્શીની સાગરકુમાર માવાપુરી (પૌત્રી)
શ્રેયાંશ મિતુલકુમાર જરીવાલા (પ્રપૌત્ર) | ત્રિશીકા સાગરકુમાર માવાપુરી (પ્રપૌત્રી)
તથા સમસ્ત જરીવાલા પરિવાર